## -:: આંક-૧ નીચે હુકમ ::-

(૧) હાલની અરજી વાદી દ્વારા સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર-૩૭ હેઠળ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવી છે. અરજદારના વકીલશ્રીએ દલીલ કરી છે કે પ્રતિવાદીઓને સમન્સ દ્વારા નોટિસની બજવણી કરવામાં આવેલ છે, પરંતુ પ્રતિવાદી તરફે તેઓ જાતે કે તેમના વકીલશ્રી મારફતે હાજર રહેલ નથી. તેથી, ઓર્ડર-37 રૂલ-2(3) મુજબ, સમન્સની સેવા થયા બાદ પ્રતિવાદીએ દસ દિવસની અંદર વ્યક્તિગત રીતે અથવા પોતાના વકીલ દ્વારા અદાલતમાં હાજરી નોંધાવવી ફરજિયાત છે તેમજ ઓર્ડર-37 રૂલ-3(1) મુજબ સમન્સ/નોટિસની સેવા માટે પોતાનું સરનામું રજૂ કરવું આવશ્યક છે. હાલના પ્રતિવાદીઓએ ઉપરોક્ત જોગવાઈઓનું પાલન કર્યું નથી.

(૨) નોંધનીય છે કે ઓર્ડર-37 ની જોગવાઈઓનું કડક પાલન કરવું આવશ્યક છે. જો કોઈ વ્યક્તિ ઓર્ડર-37 રૂલ-3(1)નું પાલન કરતો નથી, તો ઓર્ડર-37 રૂલ-2(3) મુજબ હુકમ પસાર થવાનો હોય છે, જેમાં નક્કી કરવામાં આવ્યું છે કે પ્રતિવાદી હાજરી નોંધાવવામાં નિષ્ફળ રહે તો અરજમાં કરાયેલા આક્ષેપોને સ્વીકારેલ માનવામાં આવશે અને અરજદાર સમન્સમાં દર્શાવેલ રકમ સુધીની ડિક્રી મેળવવા પાત્ર બનશે, સાથે જો કોઈ વ્યાજ દર્શાવેલું હોય તો તે પણ પ્રાપ્ત કરવાનો અધિકાર રહેશે અને આવી ડિક્રી તાત્કાલિક અમલમાં મૂકી શકાય છે. વાદીના કેસને સાબિત કરવા આંક-૭ થી વાદીએ સી. પી.સી. ઓ.૩૭ ના નિયમ ૧ અને ૨ તથા ઉપનિયમ ૩(૧) હેઠળ અંતિમ ચુકાદા માટેની અરજી રજૂ કરેલ છે જે વંચાણે લીધી તથા વાદીએ આંક-૧૦ થી પ્રતિવાદીના લોન એકાઉન્ટનું સ્ટેટમેન્ટ, આંક-૧૧ થી પ્રતિવાદીના લોન એકાઉન્ટનું સ્ટેટમેનટ, આંક-૧૨ થી બ્લોક સર્વે નં. ૧૯૪ પૈકી ૧ ની ફોર્મ નં.૭ ની અસલ, આંક-૧૩ થી બ્લોક સર્વે નં. ૧૯૫ ના ફોર્મ નં. ૭ ની અસલ, આંક-૧૪ થી લોન મેળવવા માટેનું એપ્લીકેશન ફોર્મ, આંક-૧૫ થી સેંકશન લેટર, આંક-૧૬ થી ડીમાંડ પ્રોમીસરી નોટ, આંક-૧૭ થી હાઇપોથીકેશન એગ્રીમેન્ટ, આંક-૧૮ થી સીમ્પલ લોન એગ્રીમેન્ટ, આંક-૧૯ થી લેટર ઓફ કન્ટીન્યુટી, આંક-૨૦ થી ડીકલેરેશન, આંક-૨૧ થી ગુજરાત ખેતી વિષયક લોનનું પ્રમાણપત્ર, આંક-૨૨ થી સર્વે નં. ૧૯૪/પી/૧ વાળી ગામ નમુના નં.

૭ ની ઓનલાઇન પ્રીન્ટ, આંક–૨૩ થી સર્વે નં. ૧૯૫ વાળી ગામ નમુના નં. ૭ ની ઓનલાઇન પ્રીન્ટ, આંક–૨૪ થી કોમ્પોસીટ ડેબીટ બેલેન્સ કન્ફર્મેશન લેટરના દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા છે, જે વાદીના કેસ સાથે સુસંગત છે. તેથી, વાદી પ્રતિવાદી પાસેથી રૂ. ૩,૬૯,૭૮૪/– (રૂપીયા ત્રણ લાખ અગણ્યાસીત્તેર હજાર સાતસો ચોર્યાસી પુરા) મુખ્ય રકમ વસૂલ કરવા હકદાર છે. હાલની સૂટમાં અરજદારે ૮.૭૦% વાર્ષિક વ્યાજની માંગણી કરી છે, પરંતુ વર્તમાન બજાર વ્યાજદર તથા નાગરિક પ્રક્રિયા સંહિતાની કલમ–૩૪ ને ધ્યાનમાં રાખીને, અરજદાર 6% વાર્ષિક વ્યાજ મેળવવા પાત્ર ગણાય છે, જે સૂટ દાખલ થયાની તારીખથી લઈ ચુકવણી પૂર્ણ થાય ત્યાં સુધી લાગુ રહેશે. આથી, ઉપરોક્ત પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે:

**:: હુકમ ::**

(૧) વાદીનો હાલનો સમરી સ્યુટ અંશત: રીતે મંજૂર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીને આદેશ આપવામાં આવે છે કે તે અરજદારને રૂ. ૩,૬૯,૭૮૪/– (રૂપીયા ત્રણ લાખ અગણ્યાસીત્તેર હજાર સાતસો ચોર્યાસી પુરા) સાથે ૬% વાર્ષિક વ્યાજ, સમરી સ્યુટની દાખલ તારીખથી લઈ સંપૂર્ણ વસૂલાત થાય ત્યાં સુધી, ચૂકવવું.

(૩) પક્ષકારો પોતપોતાના ખર્ચ પોતે વહન કરશે.

(૪) ગુજરાત કોર્ટ ફી અધિનિયમ મુજબ અરજદારના નામે જરૂરી કોર્ટ ફી પરત ફેર પ્રમાણપત્ર (Refund Certificate) જારી કરવા આદેશ આપવામાં આવે છે.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજ તારીખ **૦૪**' થી**,** માહે **મે,** સને **૨૦૨૬** નારોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ:–મહેમદાવાદ.**
**તારીખ: ૦૪/૦૫/૨૦૨૬**

**(દેવદત્ત વી. વ્યાસ)**
**પ્રિન્સીપાલ સિવિલ જજ,**
**જીજે૦૧૬૫૯**